# ખ-૫ સર્કલ નજીક અજાણ્યા વાહનની ટક્કરે બે ના મોત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૯માં રહેતા બે ચોકીદાર ગતરોજ સાંજના સમયે ખ-૫ આઈ.ટી.આઈ. સર્કલ પાસેથી સાઈકલ લઈ પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા વાહન ચાલકે બંને સાઈકલ સવારને અડફેટે લેતા બંનેના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા કરૂણ મોત નિપજયા હતા. આ અંગે સેકટર-૨૧ પોલિસે ગુનો નોંધી ફરાર વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૯માં મકાન નં. ૧૧૪/૯માં રહેતા અને ચોકીદારના વ્યવસાય સાથે સંકળાયેલા દિનબહાદુર બહાદુરસિંગ દામીન (ઉ.વ.૪૦) અને કરશનબહાદુર તિલકસિંહ બીટ (ઉ.વ.૩૨) બંને મિત્ર ગતરોજ સાંજના ૬.૪૫ કલાકે સાઈકલ પર સવાર થઈ સેકટર-૨૯ થી નિકળી ખ-૫ આઈ.ટી.આઈ. સર્કલ તરફના માર્ગ પરથી જઈ રહ્યા હતા દરમિયાન ખ-૫ સર્કલ પર જ અજાણ્યા વાહન ચાલકે બેદરકારી પૂર્વક પોતાનું વાહન હંકારી સાઈકલ સવાર બંને ચોકીદારને અડફેટે લેતા શરીર પર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી આથી બંને ચોકીદાર ઈસમોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા કરૂણ મોત નિપજયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસને જાણ થતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ટક્કર મારી નાશી છૂટેલા અજાણ્યા વાહન ચાલકની વધુ શોધખોળ હાથ ધરી છે.

# બી.એસ.એફ. કેમ્પમાં મહિલા પી. એસ. આઈ.ના આપઘાત કેસમાં પતિની ધરપકડ

## એક દિવસના રિમાન્ડ મંજૂર : પતિ સાસુ અને નણંદ દ્વારા શારિરિક અને માનસિક ત્રાસ અપાતો હતો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક આવેલા લેંકાવાડા ગામની સીમમાં સ્થિત બી.એસ.એફ. કેમ્પ ખાતે ટ્રેનીંગમાં આવેલા આસી. કમાન્ડન્ટની પી.એસ.આઈ. પત્નીએ પોલીસ મેસમાં જ કોઈ અગમ્ય કારણોસર દુપટ્ટો પંખે બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ આપઘાતનું કારણ જાણવા ગાંધીનગર ડી.વાય.એસ.એ તપાસ હાથ ધરી હતી. જેમાં કમાન્ડન્ટ પતિ દ્વારા મૃતકે પી.એસ.આઈ. પત્નીને સારીરિક અને માનસિક ત્રાસ આપતો હોવાની અને મારઝુડ કરતો હોવાની હકીકત બહાર આવી હતી. પોલીસે આજે કમાન્ડન્ટને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ગાંધીનગર નજીક આવેલા બી.એસ.એફ. કેમ્પમાં પોલીસ મેસ. ખાતે રૂમ નં. ૧૧માં રહેતા સુનિલકુમાર પ્રતાપભાઈ મુંડ આસી. કમાન્ડન્ટની તાલીમ લઈ રહ્યા હતા. તેમના લગ્ન દોઢ મહિના પહેલા જ પ્રિતીકુમારી સાથે થયા હતા. ૨૬ વર્ષીય પ્રિતીકુમારી દિલ્હી પોલીસમાં પી.એસ.આઈ. તરીકે પરજ બજાવતી હતી. પ્રિતીકુમારી પતિને ત્યાં બી.એસ.એફ. કેમ્પમાં આવી હતી. દરમિયાન બે દિવસ પહેલા તેણે કોઈ અગમ્ય કારણોસર આપઘાત કર્યો હતો જે અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી સઘન તપાસ હાથ ધરી હતી. પોલીસ આ મામલે મૃતકની માતાની ફરિયાદ લઈ તપાસ કરતા તેમાં છેલ્લા ૧ મહિનાથી મૃતક પ્રિતીકુમારીના પતિ, સુનિલ મુંડ, સાસુ વિમલાબેન પ્રતાપભાઈ મુંડ અને નણંદ અનિતા દહેજની માંગ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાથી કંટાળી જઈને આ પગલુ ભર્યાની માહિતી તપાસમાં બહાર નિકળતા ગતરોજ ૧૪મીએ ચિલોડા પોલીસે સુનિલદાસની ધરપકડ કરીને તેને કોર્ટમાં રજૂ કરતા મેજિસ્ટ્રેટે તેને એક દિવસનો રિમાન્ડ પર મોકલી આપવાનો હૂકમ કર્યો હતો જે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેરના હાર્દસમા એવા ઘ-૫ વિસ્તારમાં ડીવાઈડર પર એક ગાડી ચડી ગઈ હતી તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

# પાલજમાં લીમડાના ડાળા કાપવાની બાબતે અંગે મારામારી

ચિલોડા, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના પાલજ ગામે ઉત્તરાયણના પર્વના દિવસે લીમડાના ડાળા કાપવા માટે બે જૂથ વચ્ચે મારામારી થતાં મામલો બિચકયો હતો. જેમાં મળતી વિગતો મુજબ પાલજ ગામમાં એક ઝાડના ડાળા કાપવાની બાબતે ઝઘડાનું સ્વરૂપ પકડતાં મારામારીનો ગુનો બનવા પામ્યો હતો. આ અંગે ચિલોડા પોલિસ સ્ટેશનમાં બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધાવા પામી છે. જેમાં દિપકભાઈ રૂપાભાઈ દવેએ ફરિયાદ નોંધાવતાં આરોપી તરીકે લક્ષ્મણસિંહ ગોપાલસિંહ બિહોલા, ચંદનાસિંહ લક્ષ્મણ બિહોલા, પંકજસિંહ રણજીતસિંહ બિહોલા, મનોજસિંહ નવુંસિંહ બિહોલા સામે આઈ.પી.સી. કલમ મુજબ ગુનો નોંધાયો છે જયારે સામા પક્ષે ફરિયાદ નોંધાવતા આરોપી તરીકે દિપક રૂપાભાઈ દવે, રૂપાભાઈ ભલાભાઈ, જગદીશભાઈ ભલાભાઈ, રૂપેશભાઈ વગેરે સામે કાયદેસરની ફરીયાદ હાથ ધરાતાં એકની ધરપકડ થવા પામી છે. જયારે અન્ય ઈસમોને સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હોવાનું જાણવા મળે છે. આ બનાવમાં ગડદાપાટું થતાં ઈજા થવા પામી છે. આ ઉપરાંત પોલીસે હથિયારો, પાઈપ-લાકડીઓ જપ્ત કરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે હે.કો. હીરાજી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# કોલવડા ગામના લાલઘર માતાજીના મંદિર પર તસ્કરો ત્રાટક્યા

# ગર્ભગૃહનું તાળુ તોડતા નિશાચરોને પરસેવો છૂટી ગયો

## રાયસણ ગામની સીમમાં આવેલ મધર બંગ્લોઝના એક મકાનમાંથી ૧.૮૨ લાખની ચોરી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના પાદરે આવેલા કોલવડા ગામના સુપ્રસિદ્ધ લાલઘર માતાજીના મંદિર પર ગઈકાલે રાતના તસ્કરો ત્રાટક્યા હતા. નિશાચરોને મંદિરના ગર્ભગૃહનું તાળુ તોડવામાં સફળતા મળી ન હતી. અન્ય એક ચોરી રાયસણ ગામની સીમમાં આવેલ મધર બંગ્લોઝ બંધ મકાનમાં થઈ છે. આ મકાનમાંથી ચોરો રૂપિયા ૧.૮૨ લાખની મત્તા ચોરી ગયા છે.

કોલવડા ગામમાં ગ્રામજનો સહિત અન્ય લોકો માટે આસ્થાનું કેન્દ્ર બનેલ સુપ્રસિદ્ધ લાલઘર માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરની પાછળના ભાગમાં ઠાકોર અને દેવી પૂજક જ્ઞાતિનો વાસ આવેલ છે.

ગઈકાલે રાતના મંદિરના પાછળના ભાગમાં સીડી મુકી તસ્કરો લાલઘર માતાજીના મંદિરના પરિસરમાં આવ્યા હતા. તસ્કરોએ પરિસરમાં આવેલ ચોકીદારની ઓરડીના દરવાજાને બહારથી નકૂચો મારી દીધો હતો. ત્યારબાદ તસ્કરો મુક્ત રીતે મંદિરના પરિસરમાં ઘુમતા ઘુમતા ગર્ભગૃહ પાસે પહોંચી ગયા હતા. ગર્ભગૃહના દરવાજાનું તાળુ તોડવાનો પ્રયત્ન કર્યો હતો. ઠંડી રાતમાં નિશાચરોને આ તાળુ તોડતા પરસેવો છુટી ગયો હતો. આખરે થાકેલા નિશાચરોએ મંદિરની દાન પેટીને નિસાન બનાવી હતી. દાન પેટી તોડી તેમાંથી પરચૂરણ લઈ ગયા હતા.

સવારના ગ્રામજનોમાં લાલઘર માતાજીના મંદિરની ચોરીના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા હતા. લોકોના ટોળેટોળા ચોરીના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસને જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ડોગ સ્કોડ અને નિશાચરોના પડેલ ફિંગરપ્રિન્ટ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બીજી ચોરી સેકટર-૭ પોલીસમથકની હદમાંથી થઈ છે. આ ચોરીની વિગત આપતાં પી.એસ.આઈ. શ્રી એ.એમ. પરમારે જણાવ્યું છે કે રાયસણ ગામની સીમમાં પ્રતિક મોલની પાછળના ભાગમાં મધર બંગ્લોઝ આવેલ છે. આ મધર બંગ્લોઝના મકાન નં. ૩માં હરિકૃષ્ણ માધવલાલ મોદી રહે છે. શ્રી હરિકૃષ્ણભાઈ મોદી નિવૃત્ત કર્મચારી છે. તેમના પરિવારમાં બે દીકરી છે. એક દીકરી પરિણીત છે. તા. ૧૨મી જાન્યુઆરીના રોજ મોદી પરિવાર સમાજિક કામ અર્થે ઊંઝા ખાતે ગયા હતા. તેઓ આજે સવારના ઘરે પરત આવ્યા હતા. ત્યારે તેમના મકાનના મુખ્ય દરવાજાનો નકૂચો તુટી ગયેલો હતો. આ જોઈ ચોકી ગયેલા હરિકૃષ્ણ મોદીએ સેકટર-૭ પોલીસમથકમાં જાણ કરી હતી. જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ આવી ગયા બાદ હરિકૃષ્ણભાઈએ ઘરમાં જોતા રૂપિયા ૭૧ હજાર રોકડા અને સોના-ચાંદીના દાગીના મળી ખુલ ૧.૮૨ લાખની મત્તા ચોરી ગયાનું જાણવા મળ્યું હતું.

પોલીસની ડૉગ સ્કોડ બંગ્લોઝની પાછળ આવેલા ખેતર નજીકના સર્વિસરોડ સુધી ગઈ હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી નિસાચરોનું પગેરૂ શોધવાની દિશામાં તપાસ હાથ ધરી છે.

# લીમ્બડીયા નર્મદા કેનાલ નજીકથી અજાણ્યા પ્રૌઢ પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૧૫

લીમ્બડીયા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ નજીકથી આજરોજ અજાણ્યા પ્રૌઢ પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. આ પ્રૌઢનુ મૃત્યુ ઠંડી લાગી જવાથી થયું હોવાનું ડભોડા પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ ઘટનાની તપાસ કરતાં ડભોડા પોલીસ મથકના કોન્સ્ટેબલ શ્રી રાજેન્દ્રસિંહે જણાવ્યું છે કે લીમ્બડિયા ગામના રહેવાસી રામાજી ઠાકોર આજે સવારના કેનાલ પાસેથી પસાર થતાં હતાં ત્યારે કેનાલના કાંઠે અજાણ્યા પુરૂષની લાશ પડેલી જોવામાં આવતાં તેણે ડભોડા પોલીસમથકમાં જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચીને મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડવા સાથે તેની ઓળખ મેળવવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે જણાવ્યા પ્રમાણે મરનારની ઉંમર ૫૦ વર્ષ જેટલી હોવાનું અનુમાન છે. તો માથા અને દાઢીના વાલ ખુબ લાંબા છે. તેણે મોટા ચોકડાવાળુ શર્ટ અને છીંકણી રંગનું પેન્ટ પહેરેલા હતા. તેનું મૃત્યુ ઠંડી લાગી જવાથી થયાનું પોલીસનું પ્રાથમિક અનુમાન છે. જો કે હવામાન ખાતાના સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે મંગળવારે વહેલી સવારે ૧૨ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. આ સંજોગોમાં મૃત્યુ પાછળ ઠંડી જ જવાબદાર છે કે નહી તેનો ખરો જવાબ પી.એમ. રિપોર્ટ આવ્યા બાદ જ જાણવા મળશે.

# આજે આનંદનો ગરબો સે-૩માં યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-સીના શ્રી શક્તિ મહિલા મંડળ અને મા મેલડી આનંદ ગરબા મંડળના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૧૬મી જાન્યુઆરી-૨૦૧૩ને બુધવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજવામાં આવ્યો છે. ગાંધીનગર સેક્ટર-૩-સીના શક્તિચોકમાં યોજાનાર આનંદના ગરબામાં ઉપસ્થિત રહેવા માટે સર્વે ભક્તજનોને શક્તિ મહિલા મંડળ અને મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જિલ્લામાં ઉત્તરાયણ પર્વમાં દોરી વાગવાથી ૨૦ વ્યક્તિ ઘવાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે સૌ પતંગ દોરીની સાથે મોજ માણી ઉજાણી કરી રહ્યા હતા ત્યારે રસ્તે વાહન પર જતાં અને ધાબા ઉપરથી અસાવધાનીને લીધે ઘાયલ થયેલા ૨૦ વ્યક્તિઓ હાલમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ અને અન્ય ખાનગી દવાખાનામાં સારવાર હેઠળ છે.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગાંધીનગર શહેર અને આસપાસના ગામડાઓમાં પોતાની બેદરકારી અને અસાવધાનીને લીધે ઘણા લોકો દોરીથી હાથ, ગળુ, માથુ, આંગળીઓ કપાયાના બનાવો બન્યા છે. ખુલ્લા રોડ પર પતંગની દોરીને પકડવા દોડતા બાળકો રોડ અકસ્માતનો ભોગ બન્યા છે. માથા પર હેલ્મેટ કે ગળામાં મફલર બાંધ્યા વગર ઝડપથી ઘરે પહોંચવાની ઉતાવળમાં દોરીના ઘસરકાથી પટકાયા અને ગળુ દોરીથી ઘસાયાના બનાવો સિવિલ હોસ્પિટલમાં નોંધાવા પામ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નાના બાળકો, યુવાનોના દોરીથી ઘાયલ થયા હોવાના ૧૨ જેટલા કેસ નોંધાયા છે. ડૉક્ટરના જણાવ્યાનુસાર સરકાર દ્વારા વારંવાર રેડિયો, ટેલિવિઝન અને સમાચાર પત્રોમાં આવતી સાવધાનીની ખબરોને નજર અંદાજ કરી યુવાનો, બાળકો, પતંગની લાલચમાં કે પછી વાહન ચલાવવાની અસાવધાનીને લીધે ધારદાર દોરીનો ભોગ બન્યા છે. ગળા પર દોરી ઘસાવાથી લોહીલુહાણ થયા છે. દોરી ખેંચા ખેંચ કરવાથી આંગળીઓ કપાઈ ગઈ છે તથા રોડ પર પતંગ પકડવા દોડતા છોકરાઓ વાહનોની અડફેટે આવી અકસ્માતનો ભોગ બન્યા છે. ગાંધીનગર શહેરના ખાનગી દવાખાનાઓમાં પણ આઠ જેટલા ગાયલ વ્યક્તિઓ સારવાર હેઠળ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.



## ભાજપ મહિલા મોરચા દ્વારા તલની સુખડીનું વિતરણ

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુકલ અને સાથી સભ્યો દ્વારા તાજેતરમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે તલની સુખડી, મમરાના લાડુ જેવી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉત્તરાયણના દિવસે ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા સેક્ટર-૨૮ પ્રેસ પાસેની ઝુંડપી, ચરેડી છાપરા અને વોર્ડ નં. ૨ ખાતે બાળકોને તલની સુખડી અને મમરાના લાડુ જેવી વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તેમજ મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુકલ તેમજ મહિલા મોરચાની ઉપપ્રમુખ મણીબેન દેસાઈ, અલકાબેન, સરોજબેન મહેરા, સાધનાબેન પટેલ, ગીતાબેન, રેણુકાબેન દંતાણી, જ્યોતિબેન, વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મકરસંક્રાંતિના પર્વે મહિલા મોરચાએ ગરીબ અને જરૂરીયાતમંદ બાળકોને તલની ચીકી તથા મમરાના લાડુ આપી ગળ્યું મોં કરાવી સદ્‌ભાવના અને માનવીય ભાવનાને ઉજાગર કરી હતી.

# વાઈબ્રન્ટ સમિટના ભાગરૂપે બંધ કરાવેલા સે. ૨૪ના લારી ગલ્લા સદંતર બંધ કરાવવા વસાહતીઓની માંગ

## ફૂટપાથ પરના ઘ-૫ ફૂટવાળા રાહદારીઓ સાથે ઝગડા કરતા હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતના પાટનગર અને વિશ્વમાં હરિયાળા નગર તરીકે સ્વચ્છ સુઘડ નગરની છાપ ઉપસાવનાર ગાંધીનગરમાં છેલ્લા દસ દિવસથી લારી ગલ્લા બંધ રખાતા સેકટર-૨૪ વસાહત મંડળે સરકારના આ નિર્ણયને સરાહનીય ગણાવી ગાંધીનગર સેક્ટર-૨૪થી ઘ-૫ સુધી ચાલતા લારી ગલ્લા કાયમને માટે બંધ કરાવવા અનુરોધ કર્યો છે અને આ ગલ્લાઓથી થતી ગંદકી, અસામાજિક તત્વોની ભીડનો સૌએ ખુલ્લો વિરોધ કર્યો છે.

ગાંધીનગરના સેક્ટર-૨૪થી ઘ-૫ સુધી ચાલતા લારી ગલ્લાથી ગંદકી થાય છે. શહેરના રસ્તા અને ફૂટપાથ પર અનધિકૃત રીતે લારી-ગલ્લા ઊભા રાખતા સ્વાર્થી ઈસમો દ્વારા પૂટપાથ પર દબાણ કરી ચાલવાનો રસ્તો બંધ કરવામાં આવે છે. આ લારી-ગલ્લા પર અસામાજિક તત્વો ભેગા થાય છે અને દિન-રાત અસામાજિક પ્રવૃત્તિઓ ફૂલેફાલે છે. ગાળા-ગાળી, અપશબ્દો ખુલ્લે આમ બોલવા વગેરે બાબતોથી ગાંધીનગરની શાંતિપ્રિય જનતાને અહીંથી પસાર થવું મુશ્કેલ પડે છે અને મહીલાઓ પણ અહીંથી પસાર થવામાં ભય અનુભવે છે. આ વિસ્તારની કેમ્બે ચોકડી, ખ-૫ થી લઈ ઘ-૫ સુધી અને સાંઈબાબા ચોકડીથી લી ઘ-૬ સુધીના રસ્તા પર એલ.ડી.આર.પી., આઈ.ટી.આઈ. કોલેજ, સરકારી સ્કૂલ, આરાધના હાઈસ્કૂલ, કડી સંકુલ જેવી શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. અહીંથી આવતા જતાં વિદ્યાર્થીઓ ફૂટપાથ પર દબાણને લીધે ચાલી શકતા નથી.

ઘ-૫ ફૂટવાળા તો રાહદારી સાથે ઝગડા કરતા હોવાની વસાહતીઓની ફરિયાદ છે. આઈ.ટી.આઈ. આજુબાજુ નોનવેજની લારીઓનું પ્રમાણ પણ ઘણું વધેલુ છે. આને લીધે અહીંના વસાહતીઓ દુર્ગંધથી હેરાન-પરેશાન થઈ ગયા છે. ફૂટપાથ પર નોનવેજની લારીઓ ઉભી રાખવાથી વસાહતીઓને રસ્તા પર ચાલવુ મુશ્કેલ બન્યું છે. નોનવેજની લારીઓથી થતી ગંદકીથી લોકોની લાગણી દુભાય છે અને રોગનો ભોગ પણ બને છે.

ગાંધીનગર શહેરને સુંદર અને હરિયાળા તથા સ્વચ્છ નગર તરીકે વિશ્વના નકશા પર ઉપસાવવા મથતી સરકાર પાટનગરના ફૂટપાથ પર લારી ગલ્લાવાળાઓનું દબાણ અટકાવે તથા ગંદકી અને અસામાજિક તત્વોની અસર ઓછી કરે એવી સેક્ટર-૨૪, વસાત મંડળના સભ્યો માંગણી કરી રહ્યા છે અને આ બાબતે કડક પગલાં ભરી તથા સુંદર ગાંધીનગરને ગંદકી મુક્ત રાખવા ગાંધીનગરમાં કાયમી ધોરણે લારી ગલ્લા બંધ કરાવે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૦

## તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૪.૩૦, ૭.૩૦

દબંગ-૨ : ૧.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦

ટેબલ નં. ૨૧ : ૧૨.૪૫, ૩.૦૦

દબંગ-૨ : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૫ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૩.૩૦, ૯.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૧૫, ૯.૧૫

લાઈફ ઑફ પાય ૩ડી (હિન્દી) : ૩.૧૫

: સ્ક્રીન-૨ :

ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

દબંગ-૨ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૮.૩૦, ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

તારા રૂદિયાની રાણી બોલે બંધાણી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦

### ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ.વાઘેલા કચરાબા શિવાજી (ઉ.વ.૭૦) મુ.પો.નવા પીંપળજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.રબારી વાલજીભાઈ દેવકણભાઈ (ઉ.વ.૬૫) મુ.પો. બાકલપુર, તા. વિસનગર, જિ. મહેસાણા.
- સ્વ.ઠાકોર અરવિંદજી વેલાજી ઠાકોર (ઉ.વ.૧૧) મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ.બીસ્ટ કરણબહાદુર તિલકસિંહ (ઉ.વ.૩૫) દ્રોણા ગેસ્ટ હાઉસ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ.રામી ભીમબહાદુર બહાદુરસિંઘ (ઉ.વ.૩૩) નીસ્ટ, ઈન્ફોસીટીની પાછળ, ગાંધીનગર.